# વલસાડનાં 52 પ્રાથમિક અને 11 સામૂહિક આરોગ્ય કેન્દ્ર સીસીટીવીથી સુસજ્જ થશે

**રાજ્યમાં** પ્રથમ વલસાડ જિલ્લામાં પ્રોજેક્ટના સ્વપ્નદૃષ્ટા વલસાડના ડીડીઓ

**તમામ** સરકારી દવાખાનાંનું મોનિટરિંગ થતાં આરોગ્ય સેવા વધુ સારી બનશે

ગુજરાતમિત્ર EXCLUSIVE

વલસાડઃ સમગ્ર રાજ્યમાં પ્રથમ કહી શકાય એવા મહત્ત્વના પ્રોજેક્ટમાં વલસાડ જિલ્લાનાં તમામ 52 પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને 11 સામૂહિક આરોગ્ય કેન્દ્રને સીસીટીવીથી સુસજ્જ કરી દેવાશે. હાલ પ્રોજેક્ટ અંતર્ગત જરૂરી કાર્યવાહી હાથ ધરી દેવાઈ છે. આ પ્રોજેક્ટ થકી સરકારી દવાખાનાંમાં લોકોને સમયસર, સતત, અસરકારક તબીબી સુવિધા ઉપલબ્ધ થઈ શકશે.

સૂત્રોના જણાવ્યા મુજબ વલસાડ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચાપલોતના સ્વપન સમાન પ્રોજેક્ટ અંતર્ગત વલસાડ જિલ્લામાં આવેલાં 52 પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને 11 સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સરકારની વિવિધ યોજનાઓની ગ્રાન્ટ થકી આવનારા સમયમાં સીસીટીવી ફિટ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવાશે.

આ પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય એ માટે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટ થકી વિશેષ કરી ગ્રામ્ય વિસ્તારોના લોકોને નિયમિત તબીબી સારવાર ઉપલબ્ધ થઈ શકશે.

વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચાપલોતે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા તબીબી સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવા સરકારી દવાખાનામાં તબીબોની ભરતી, તબીબી સુવિધાઓ તેમજ અત્યાધુનિક સાધનોની ઉપલબ્ધિ કરવામાં આવી રહી છે.

જેથી લોકોને સમયસર અને તાત્કાલિક ઘરઆંગણે તબીબી સુવિધા મળી શકે. જેને વધુ અસરકારક બનાવવા દરેક પીએચસી અને સીએચસીમાં સીસીટીવી ઉપલબ્ધ કરાવવા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા પંચાયત ખાતે સીસીટીવી મોનિટરિંગ કમાન્ડ સેન્ટર બનાવવામાં આવશે. સાથે ડીડીઓ, કલેક્ટર અને સીડીએચઓ પોતાના મોબાઈલમાં ગમે ત્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની પરિસ્થિતિ જાણી શકશે.

### તબીબો કે સ્ટાફ સાથે વિવાદ સમયે સીસીટીવી મહત્ત્વના સાબિત થશે

વલસાડ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં આવેલાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબીબોની અનિયમિતતાની સૌથી વધુ ફરિયાદો ચર્ચામાં રહેતી હોય છે, સાથે કોઇક ઘટનાઓ સમયે દર્દીના પરિવારજનો દ્વારા તબીબો કે કર્મચારીઓ સાથે વિવાદ સમયે પણ સીસીટીવી મહત્ત્વના સાબિત થશે.

## વાપીમાં સીસીટીવી કેમેરા નહીં લગાવનારા દુકાનદારો સામે પોલીસે ગુનો નોંધ્યો


વાપીઃ સીસીટીવી કેમેરા નહીં લગાવી જાહેરનામાનો ભંગ કરનારાઓ સામે વાપી જીઆઈડીસી પોલીસ દ્વારા પગલા ભરવામાં આવી રહ્યા છે. પેટ્રોલીંગ દરમિયાન વાપી કચ્છી માર્કેટની દુકાનોમાં સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવ્યા છે કે નહીં તેની તપાસ પોલીસે હાથ ધરી હતી. જેમાં હિન્દર ચેમ્બરની બે દુકાન તથા સાંઈ દર્શન એપાર્ટમેન્ટની એક દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવેલા ન હોવાથી દુકાનદાર ભુદરારામ દેવારામ ચૌધરી (ઉં.40, રહે. વાપી ટાઉન), કિશોર ઓમારામ માલી (ઉં.24, રહે. ચણોદ કોલોની,વાપી) તથા અશોક ચેનસીંગ પુરોહિત (રહે. બગવાડા, વાપી) સામે જાહેરનામા ભંગ બદલ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

## પારડી હાઇવે રોહિત ખાડી પરની જર્જરિત રેલિંગ જેસીબી વડે હટાવી દેવામાં આવી, નવી બનાવાશે




■ પારડીઃ પારડી શ્રીનાથ હોટલ પાસેની રોહિત ખાડી નેશનલ હાઇવે નં.48 બ્રિજની જર્જરિત રેલિંગ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. વડોદરાની ગંભીરા બ્રિજ હોનારતને પગલે વલસાડ વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના બ્રિજનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારે પારડી હાઇવે પર રોહિત ખાડી પર બનેલો બ્રિજ વલસાડથી વાપી જતા ટ્રેક પાસે સાઇડ પર બનાવેલી રેલિંગ જર્જરિત થતા હાઇવે ઓથોરિટી દ્વારા જેસીબી વડે તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આગામી દિવસમાં નવી રેલિંગ બનાવવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. અગાઉ અહીં કેટલાક અકસ્માતો પણ સર્જાઈ ચુક્યા છે. ત્યારે આવા અન્ય બ્રિજની રેલિંગ તેમજ પુલનું નિરીક્ષણ કરી મરામતની કામગીરી હાથ ધરવામાં આવે એવી વાહનચાલકોમાં બૂમ ઉઠી રહી છે.

## કપરાડા તાલુકાના વડોલીનો 'સરસ્વતી ધોધ' પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો



■ વલસાડઃ હાલે ચોમાસાની સિઝનમાં કપરાડા તાલુકાનું સૌંદર્ય સોળે કળાએ ખીલ્યું છે. ત્યારે તાલુકાના વડોલી ગામ સ્થિત સરસ્વતી ધોધ પ્રકૃતિપ્રેમીઓ સહિત પ્રવાસીઓ માટે મહત્ત્વનું સ્થળ બન્યો છે. કપરાડાના સુથારપાડા, વડોલી ગામથી મહારાષ્ટ્રને જોડતા માર્ગ ઉપર રાનવેરી ફળિયામાં આવેલા સરસ્વતી ધોધ અને તેની આસપાસનું કુદરતી સૌંદર્ય, લીલાછમ ડુંગરો હાલમાં વરસાદની સિઝનમાં પ્રવાસીઓનાં મન મોહી રહ્યા છે. મોટી સંખ્યામાં અહીં પ્રવાસીઓ આવી રહ્યા છે. ગ્રામ પંચાયત અને નવ નિર્માણ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આ ધોધ સુધી પહોંચવા રસ્તો કે પગદંડી સહિતની સુવિધા વધારી રહ્યા છે. ગત દિવસોમાં અહીં ટ્રસ્ટ દ્વારા સફાઇ અભિયાન પણ હાથ ધરાયું હતું. વડોલીનો આ ધોધ આશરે 110 ફૂટ ઊંચો છે અને તે દિવાળી સુધી સક્રિય રહે છે.

# માલ પહોંચાડવા રૂ.22 હજાર ઓનલાઈન મેળવી નામધાના શખ્સે ફોન બંધ કરી દીધો

**ઓર્ડર** મુજબનો માલ મહારાષ્ટ્ર પહોંચાડવાનો હતો અને ડ્રાઈવરને ફોન કરતાં પાર્ટીએ પેમેન્ટ આપ્યું નથી એવું જાણવા મળ્યું

વાપીઃ વાપીના નામધાના શખ્સે માલ પહોંચાડવા રૂ.22 હજાર ઓનલાઈન મેળવી ફોન બંધ કરી દીધો દેતાં મામલો વાપી ઉદ્યોગનગર પોલીસ મથકે પહોંચ્યો હતો.

મૂળ યુપી અને હાલ વાપી જીઆઈડીસી સ્થિત મોરારજી સર્કલ પાસે આવેલા આરસીએમ ફ્લેટમાં સોનુકુમાર કાંતાપ્રસાદ ચમાર (ઉં.આ.37) રહે છે અને પોતાનો ટેમ્પો ચલાવે છે. જેને ગત તા.11-7-25ના રોજ સેકેન્ડ ફેઝમાં આવેલ સોનલ રેફરેક્ટ્રિઝ કંપનીનો 7 ટન રોલનો સામાન મહારાષ્ટ્રમાં આવેલી કંપનીમાં લઈ જવા માટેનો ઓર્ડર મળ્યો હતો. બાદ બ્લેકબક ટ્રાન્સપોર્ટ એપ્લિકેશનમાં જરૂરી વિગત ભરી પોસ્ટ કરી હતી. બાદ એપ્લિકેશનમાંથી ફોન આવ્યો અને પોતાનું નામ વિકાસ ગીરી જણાવ્યું હતું અને તેણે ઓર્ડર મુજબની માહિતી પૂછતાં તેને માલની વિગત અને માલ પહોંચાડવાની વાત કરી હતી. તા.12-7-25ના રોજ વિકાસ ગીરીએ ઓર્ડર મુજબનો માલ વાપી જીઆઈડીસીની કંપનીમાંથી ભરાવી મહારાષ્ટ્રની કંપનીમાં પહોંચાડી આપશેની વાત કરી હતી. બાદ તેણે મોબાઈલ ફોન નંબર માંગ્યો હતો. તેણે વિઝિટિંગ કાર્ડ વોટ્સએપથી મોકલ્યો હતો, જેમાં તેનું નામ, મોબાઈલ નંબર, ટ્રાન્સપોર્ટનું સરનામું તથા ઈ-મેઈલ આઈડી લખી હતી. જેથી તેના પર ભરોસો થયો હતો અને મળેલો ઓર્ડર તેને આપ્યો હતો અને વિકાસ ગીરીએ મોકલાવેલા વાહનમાં ઓર્ડર મુજબનો માલ ભરાઈ ગયાનો મેસેજ મોકલ્યો હતો. બાદ ભાડા માટે વિકાસ ગીરીના ક્યુઆર કોડ પર રૂ.22 હજારનું પેમેન્ટ પણ કર્યુ હતું. બીજે દિવસે સોનુકુમારે તા.13-7-25ના રોજ ઓર્ડર મુજબનો માલ મહારાષ્ટ્ર પહોંચ્યો છે કે કેમ તે ખાતરી કરવા ગાડીના ડ્રાઈવરને ફોન કરતાં જણાવ્યું કે, તમારી પાર્ટીનું પેમેન્ટ થયું નથી, પેમેન્ટ કરાવો પછી માલ પહોંચાડાશેનું જણાવ્યું હતું. બાદ સોનુકુમારે અવારનવાર વિકાસ ગીરીના મોબાઈલ ફોન ઉપર સંપર્ક સાધવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તે બંધ હતો. જેથી સોનુકુમાર ચમારે પોતાની સાથે છેતરપિંડી કરનાર વિકાસ ગીરી (રહે.,નાયરા પેટ્રોલ પંપની બાજુમાં, નામધા-વાપી) સામે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની આર.કે.દેસાઈ કોલેજના વિદ્યાર્થીઓએ સાપુતારા ટ્રેકિંગમાં ભાગ લીધો



વાપીઃ વાપીની આર.કે.દેસાઈ કોલેજના બીકોમ, બીબીએ, બીસીએ, બીએસસીના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ સાપુતારા ટ્રેકિંગમાં ભાગ લીધો હતો. આ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈના વિચારો મુજબ સંસ્થાના બધી જ ફેકલ્ટીસના વિદ્યાર્થીઓ મનથી અને શારીરિક રીતે તંદુરસ્ત રહે તેમજ સાથે કુદરતના સાંનિધ્યમાં જઈ કુદરતનાં અમૂલ્ય તત્ત્વોના મૂલ્યને સમજે એ અર્થે સાપુતારા હિલ ટ્રેકિંગનું સુંદર યોજન કરવામાં આવ્યું હતું. ઝિપ લાઇન દ્વારા પર્વત પરથી નીચે સરકવા માટે ટ્રેનર્સ પણ રાખવામાં આવ્યા હતા. નદી પાર કરી, ઝરણાંની અંદરથી, વૃક્ષોની ડાળીઓ નીચેથી ઓળંગી, પથ્થરો ઉપરથી ડગલાં માંડતા, પર્વત ઉપર ઝિપ લાઇન સહારે સરકતા, પક્ષીઓને નિહાળતા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ આ ટ્રેકિંગની મજા માણી હતી. ત્યારબાદ મોન્સુન ફેસ્ટિવલમાં આદિવાસીઓનાં લોકનૃત્ય નિહાળ્યાં હતાં. સમગ્ર ફિલ્ડ ટ્રીપનું આયોજન દીપેશ શાહના સહકારથી સુંદર રીતે સફળ થયું હતું. આ સમગ્ર ટ્રીપના આયોજનને પાર પાડવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ અને ઈનચાર્જ આચાર્ય ડો.શીતલ ગાંધી, પ્રા.સુરભી ચૌધરીએ તથા સમગ્ર અધ્યાપકોએ આનંદ વ્યક્ત કર્યો હતો.

### વાપીના ડુંગરા વિસ્તારમાંથી બે દિવસમાં માતા-દીકરા અને એક આધેડ ગુમ

વાપીઃ વાપી નજીકના ડુંગરા ગામ વિસ્તારના અલગ-અલગ સ્થળોએથી બે દિવસમાં 3 પરપ્રાંતીય ગુમ થયાં છે, જેમાં માતા તેના દોઢ વર્ષના દીકરાને લઈ બહાર જાઉ છું કહી ગુમ થઈ છે. ગુમ થયાની ફરિયાદ વાપી ડુંગરા પોલીસ મથકે કરવામાં આવી હતી. મૂળ બિહાર અને હાલ વાપીના ડુંગરા-ડુંગરી ફળિયામાં આવેલી વસીમ ચાલીમાં હાજરા ખાતુન તૌકીરઆલમ મુનીમમીયા અન્સારી (ઉં.આ.26) રહે છે. ગત તા.30-7-25ના રોજ તેમના પતિ તૌકીરઆલમ અન્સારી (ઉં.આ.45) ઘરમાંનો કચરો થેલીમાં ભર્યો હતો અને તે કચરો ફેંકવા માટે જાઉ છું કહી નીકળ્યા બાદ ગુમ થયો હતો.બીજા બનાવમાં મૂળ યુપી અને હાલ વાપી ડુંગરા-ડુંગરી ફળિયામાં આવેલી ચાલીમાં સતિન્દ્રાકુમાર રામકઠીલ રાવ (ઉં.આ.25) રહે છે. ગત તા.31-7-25ના રોજ પત્ની સોનીદેવી રાવ (ઉં.આ.24) અને પુત્ર ક્રિષ્ના (ઉં.આ.1 વર્ષ 8 મહિના)ને લઈ હું બહાર જાઉ છું કહી નીકળી હતી. બાદ લાપતા થઈ જતાં પતિ સતિન્દ્રાકુમાર રાવે વાપી ડુંગરા પોલીસમથકમાં ફરિયાદ કરી હતી.

### વાપીની ૧૯ આંગણવાડીનાં ૪૧૮ બાળકને સ્કૂલ બેગનું વિતરણ કરાયું



વાપીઃ વલસાડ જિલ્લા સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત બાળકોના ભવિષ્યને ઉજ્જવળ બનાવવામાં શિક્ષણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વલસાડ આઈસીડીએસ કચેરી અને વાપીમાં સમાજ સેવી સંસ્થા તરીકે કાર્યરત સ્ટીલમેન ફાઉન્ડેશન દ્વારા સમાજ ઉત્કર્ષનાં કાર્યોને આગળ વધારવા વાપી નગરપાલિકા વિસ્તારની આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકોને સ્કૂલ બેગનું વિતરણ કરાયું હતું. વાપી-પૂર્વ વિસ્તારની ૮ આંગણવાડીનાં ૧૯૯ બાળક અને વાપી-પશ્ચિમ વિસ્તારની ૧૧ આંગણવાડીનાં ૨૧૯ બાળકને સ્કૂલ બેગનું વિતરણ કરાયું હતું. વલસાડ જિલ્લા આઈસીડીએસ કચેરીના ઈનચાર્જ પ્રોગ્રામ ઓફિસર નીલમ પટેલે જણાવ્યું કે, આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય નાના બાળકોને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો છે.

### વલસાડ કૈલાસ ઓવારા મા. શાળા પારડી સાંઢપોરનું ગૌરવ



વલસાડઃ વલસાડ વિભાગ લોકસેવક સંઘ સંચાલિત કૈલાસ ઓવારા માધ્યમિક શાળામાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા શ્વેતા આર.પટેલે ગુજરાતી વિષયમાં "દક્ષિણ ગુજરાતના વલસાડ અને નવસારી જિલ્લાના કોળી સમાજનાં લોકગીતો-એક અભ્યાસ" વિષય ઉપર મહાશોધ નિબંધ શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુરના ગુજરાતી વિભાગાધ્યક્ષ ડો.નાથાલાલ એમ.વેગડાના માર્ગદર્શન હેઠળ રજૂ કરતાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા માન્ય રાખી એમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. શાળા પરિવાર તથા સંચાલક મંડળે એમની સિદ્ધિને બિરદાવી ડો.શ્વેતા પટેલનું ઉષ્માભર્યું સન્માન કરી શુભેચ્છા પાઠવી હતી.

### નવસારીમાં બે મોબાઈલ ચોર પકડાયા

નવસારીઃ નવસારી ટાઉન પોલીસે આપેલી માહિતી મુજબ શહેરમાં પેટ્રોલિંગ કરી રહેલા અહેકો ઘુઘાભાઈ અને અપોકો ધરમશીભાઈને મળેલી બાતમીના આધારે શહેરમાં શહીદ ચોક પાસે રહેતા રણજીત દંતાણી અને પ્રહલાદ ઉર્ફે પેલાજ દંતાણીને ઝડપી લઈ તેમની પાસેથી 35 હજારના બે મોબાઈલ જપ્ત કર્યા હતા.

## ઉમરગામમાં કામદારોની માહિતી સબમિટ ન કરનારા ભેરવાયા

ઉમરગામઃ ઉમરગામ કંપનીમાં કામદારોની માહિતી પોતાની પાસે ન રાખનાર અને પોલીસ સ્ટેશનમાં કામદારોની માહિતી સબમિટ ન કરનાર કંપનીના સંચાલકો, કોન્ટ્રાક્ટર સામે પોલીસે કાર્યવાહી હાથ ધરાઈ હતી. ગુરુવારે વધુ ચારેય જેટલી કંપનીના એચઆર મેનેજર અને કોન્ટ્રાક્ટર સામે સામે પોલીસે ગુનો દાખલ કરતાં ફફડાટ મચી ગયો છે.

ગુરુવારે ઉમરગામના ખતલવાડામાં માણેકપુર રોડ ઉપર આવેલી રો વિવા એલ્યુમિનમ કોમ્પોસાઈટ સીટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં કામદારોની માહિતી માંગતાં તે રજૂ ન કરતાં કોન્ટ્રાક્ટર સમીમઅહમદ સિધ્ધિ (રહે., સંજાણ) તથા ઉમરગામ જીઆઈડીસીમાં આવેલી પ્રુડેન્ટ અમરેલા પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં કોન્ટ્રાક્ટર નિરાકર જુગલ કિશોર સાહુ (રહે., મોટી દહાડ), સુનીલ તાનાજી (રહે.,માણેક સોસાયટી, સોળસુંબા) તથા એચઆર મેનેજર જયેશકુમાર જૈન અને ઉમરગામ જીઆઈડીસી ખાતે આવેલી સ્ટાર એક્સ્ટુસન કંપનીના મેનેજર મિનીષ દેસાઈ (રહે., જીઆઈડીસી કોલોની, ઉમરગામ)એ જાહેરનામાનો ભંગ કરતાં ઉમરગામ પોલીસે ગુનો દાખલ થયો હતો. વધુમાં ભીલાડ સરીગામ ખાતે આવેલી વેરીટાસ ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં સિક્યુરિટી ગાર્ડ ઈસ્યુ કરનાર સિક્યુરિટી એજન્સીના મેનેજર હેમંત વંખડે (રહે.,માલેગાવ, શાહપુર, થાણા) અને સ્ટાર બુલ સિક્યુરિટી એજન્સીના માલિક પ્રકાશ પાટીલ (રહે.,આંબાવાડી કાલા ચોકી, મુંબઈ)એ ખાનગી સિક્યુરિટી ચલાવવાનું લાઈસન્સ મેળવ્યું ના હોવાથી ભીલાડ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

## સોમવારથી બામટી APMC માર્કેટનો શુભારંભ થશે, શાકભાજીનું જથ્થાબંધ-છૂટક વેચાણ કરાશે

**આગળના** ભાગે છૂટક શાકભાજી, ફ્રૂટના વેચાણ માટે સ્ટોલ્સ પણ શરૂ કરવામાં આવશે, ડાંગરની ખરીદીનું પણ આયોજન

ધરમપુરઃ ધરમપુરના બામટીમાં સુવિધાયુક્ત APMC માર્કેટમાં આગામી 4થી ઓગસ્ટ સોમવારથી શાકભાજીની જથ્થાબંધ ખરીદી અને વેચાણ તથા APMC માર્કેટમાં આગળના ભાગે છુટક શાકભાજી, ફ્રુટના વેચાણ માટેના સ્ટોલો લગાવી વેચાણ અને ડાંગર (ભાત) ખરીદીનો શુભારંભ કરવામાં આવનાર છે. વેપારીઓ અને ખેડૂતોને તેમના પાક માટે એક મંચ પ્રદાન કરવા માટે આ માર્કેટ શરૂ કરાશે.

અહીં વિશાળ પાર્કિંગ અને વીજળીની તથા માલસામાન રાખવા માટે ગોડાઉનની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. ધારાસભ્ય ધરમપુર અરવિંદ પટેલના અધ્યક્ષસ્થાને યોજાનારા શુભારંભના કાર્યક્રમમાં માર્કેટમાં સવારે ભગવાન સત્યનારાયણની કથાનું પણ આયોજન કરાયું છે.

કેરીની પૂર્ણ થયેલી સિઝનને લઈને વેપારીઓ તરફથી આવેલા શાકભાજી હોલસેલનાં સૂચનને એપીએમસીની ટીમે આવકારી આ દિશામાં આગળ વધવા વિચારણા કરી હતી. સહકારી ક્ષેત્રના આગેવાન જીવા આહિરે વેપારીઓનાં શાકભાજી હોલસેલ અને રિટેલનાં સૂચન બાબતે કહ્યું હતું કે, કેરીની સીઝનમાં અહીં કેરી લાવતા ખેડૂતો શાકભાજીનો વેપાર કાર્યરત થતા શાકભાજી પણ લાવશે. ગયા વર્ષે માર્કેટમાં આઠથી દસ વેપારીઓએ શાકભાજીનો વેપાર કર્યો હતો.

ગામડાઓમાંથી શાકભાજી પણ આવી હતી. જેથી વેપારીઓ તરફથી શાકભાજીના વેપારનાં મળેલા સૂચનને ધ્યાને લઈ એપીએમસીની ટીમે પણ વેપારીઓના હિતમાં શાકભાજીના વેપાર માટે નિર્ણય લીધો હતો. આ સિઝનથી ડાંગર પણ લેવા એક વેપારીએ આયોજન કર્યુ છે.

## સંઘપ્રદેશના બે આઈપીએસ અધિકારીની દિલ્હી ખાતે બદલી

દમણઃ સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવના બે આઈપીએસ અધિકારીની દિલ્હી ખાતે બદલી કરવામાં આવી છે. તેમના સ્થાને એક આઈપીએસ અધિકારી દમણ આવશે. મળતી વિગતો મુજબ સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાં ફરજ બજાવતા આઈપીએસ. અધિકારીઓ પૈકી મિલિંદ મહાદેવ ડુમરે અને અમિત શર્માને દાનહ અને દમણ-દીવથી દિલ્હી ખાતે બદલી કરાઈ છે. જ્યારે તેમના સ્થાને આઈપીએસ અધિકારી સંતોષકુમાર મીણાની નિમણૂક દમણ ખાતે કરવામાં આવી છે. જેનો આદેશ ભારત સરકારના ગૃહ વિભાગ મંત્રાલયના સેક્રેટરી રાકેશકુમાર સિંહ દ્વારા કરાયો છે.

## નવસારી-વલસાડ જિલ્લાની નગરપાલિકાઓની સંકલન બેઠક મળી

બીલીમોરાઃ બીલીમોરા નગરપાલિકા સભાખંડમાં પ્રાદેશિક કમિશનરની અધ્યક્ષતામાં શુક્રવાર સવારે શહેરી વિકાસયાત્રાને વધુ વેગથી આગળ ધપાવવા બેઠક મળી હતી, જેમાં નવસારી અને વલસાડ જિલ્લા નગરપાલિકા, ધારાસભ્યો અને અધિકારીઓએ ભાગ લીધો હતો. અને વિકાસકામોની ચર્ચા કરી હતી. બીલીમોરાના આંગણે બીલીમોરા, ગણદેવી, વલસાડ, પારડી, ધરમપુર, ઉમરગામ નગરપાલિકાઓના પ્રમુખ, કારોબારી ચેરમેન, ચીફ ઓફિસર, પાલિકા ઈજનેર, એકાઉન્ટન્ટ, ટાઉન પ્લાનર, રિઝનલ ફાયર ઓફિસર, ચીફ ઓફિસર, કારોબારી ચેરમેન, પ્રોજેક્ટ મેનેજર (piv) વિભાગના અધિકારી, પદાધિકારીઓ હાજર રહી લોક સમસ્યા, પ્રશ્નો નિરાકરણ માટે રજૂઆત કરી હતી. ગણદેવી ધારાસભ્યએ બીલીમોરા જર્જરિત બંદરને તોડી પ્રોટેક્શન વોલ બનાવી રિવરફ્રન્ટ માટે રજૂઆત કરી હતી. પ્રાદેશિક કમિશનર એસ.ડી.વસાવા, ધારાસભ્ય નરેશભાઈ પટેલ, રમણભાઈ પાટકર, ભરતભાઇ પટેલ, બીલીમોરા પાલિકા પ્રમુખ મનીષ પટેલ, કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીના કરવડમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનો તાલીમ કાર્યક્રમ યોજાયો

વાપીઃ વાપીના કરવડમાં બ્લોક ટેક્નોલોજી મેનેજર અંકુર પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં પાકમાં ઉપયોગી ઉત્પાદનો જેવાં કે બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ વગેરે ઘરે જ તૈયાર કરવામાં આવે એ અંગે સમજણ અપાઈ હતી. આ અંગે કૃષિ સખી/CRP રેખાબેન અને ચંપાબેન પટેલે ખેડૂતમિત્રોને જણાવ્યું કે, ઘરે જ પાક ઉપયોગી તમામ વસ્તુ બનાવવામાં આવે તો ખેડૂતને બજારમાં નાણાં ખર્ચવાની જરૂર પડતી નથી. વધુમાં જીવામૃતનો ઉપયોગની માહિતી આપી હતી.

## સરીગામના ગણેશનગરમાં કોલેરાના 2 કેસ મળી આવતાં આરોગ્ય તંત્ર એલર્ટ

**વલસાડ** કલેક્ટરે ગુડ્ડુ બાલા રાઈની ચાલને કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર કર્યો

**આરોગ્ય** વિભાગે 24 કલાક તબીબો અને ટીમ તૈનાત કરી દીધી, પરિસ્થિતિ સંપૂર્ણ કંટ્રોલમાં

વલસાડઃ ઉમરગામ તાલુકામાં સરીગામ સ્થિત ગણેશનગરના ગુડ્ડુ બાલા રાઈની ચાલ વિસ્તારમાં કોલેરાના 2 કેસ મળી આવતાં વલસાડ કલેક્ટર દ્વારા એ વિસ્તારને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કર્યો છે. બીજી તરફ આરોગ્ય વિભાગ દ્વારા 24 કલાક તબીબો અને ટીમ તૈનાત કરી દેવાઈ છે. સાથે પારડીના પ્રાંત અધિકારીને તે વિસ્તાર પૂરતા કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિયુક્તિ કરી એ માટે જરૂરી તમામ પગલાં લેવાની સત્તા આપવામાં આવી છે. નોંધનીય છે કે, ગત 30 જુલાઈએ કોલેરાનો કેસ મળ્યા બાદ વલસાડ જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત વલસાડના પત્ર બાદ વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ કોલેરાગ્રસ્ત જાહેર કર્યા છે. જેનું જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૨૮ દિવસ સુધી અમલમાં રહેશે. વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગના ઈનચાર્જ આરોગ્ય અધિકારી ડો.સિંઘે જણાવ્યું કે, સરીગામ ખાતે ગણેશનગરના ગુડ્ડુ બાલા રાઈની ચાલ વિસ્તારમાં ગત 30 જુલાઈએ કોલેરાના 2 કેસ મળી આવવાની ઘટના બાદ તાત્કાલિક તબીબોની સાથે તબીબી ટીમ 24 કલાક કાર્યરત કરી દેવાઈ છે. જરૂરી દવાઓ વિતરણ કરવા સાથે પરિસ્થિતિ ઉપર સતત મોનિટરિંગ કરાઇ રહ્યું છે. હાલે પરિસ્થિતિ સંપૂર્ણ કંટ્રોલમાં છે.